# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૨૨૫૫

મોટા મોટા ગોટાળાને ગ્રીન સિગ્નલ મળી જાય છે,
અટકે ગાર્ડ ડબ્બા મોટાં ઇજીન નિકળી જાય છે
અટકી જાય છે છૂટક, છટકી જાય છે છાકટા -
લીંપેલા-ખરડાયેલાને 'ક્લીન ચીટ' મળી જાય છે..
('પવન' દોડે સામે પવન)

**હાઈકુ**

માંડો ત્રિરાશિ!
પોસ્ટીંગ ના કરોડો -
(-તો) ખાયકી કેવી?
(દસ કરોડ નો સોદો?!

લૂંટે ભાણેજ,
કંસમામાનું રાજ -
હવે તો જાગો!
(... મોહન પ્યારે)

## ચિંતન

**સુખાર્થી ત્યજતે વિદ્યાં વિદ્યાદાનમતઃ પરમ્ ।**
**સુખાર્થિનઃ કુતો વિદ્યા વિદ્યાકુતો વિદ્યાર્થિનઃ સુખમ્ ॥**

**'જેને સુખમાં-એશઆરામ અને સાહ્યબીમાં જ પડ્યા રહેવાની ઇચ્છા હોય તે વિદ્યા-અભ્યાસ-ભણવાનું છોડી દે છે અને જેને વિદ્યાની ઇચ્છા છે એ આરામ ઉંઘ-એશઆરામી છોદી દે છે કારણ કે જેને એશઆરામી અને 'જલ્સા' કરવાની ટેવ-શોખ હોય એનાથી વિદ્યા-અભ્યાસ અશક્ય છે - અને ભણવાની ઘગશ હોય - વિદ્યા પ્રાપ્તિ કરવી હોય એને એશ-આરામ, મોજશોખ છોડવા પડે.**

**આજનો તરૂણ વિદ્યાર્થી - કોલેજીયન મોટે ભાગે ટીવી કાર્ટૂન - અંગ્રેજી ફિલ્મો-મોબાઇલ-નેટવર્ક અને વીડિયો ગેમ્સમાં જ આંખો અને સમય બગાડે છે ક્લાકોનાં ક્લાકો મોબાઇલ ફુંડમાં હવનમાં હોમાઇ જાય છે એની એને ખબરે નથી પડતી. એમાંથી ઊંઘા આવે ત્યાં ચોરે-ચૌટે મિત્રવર્તુળ - જન્મદિન કે ખૂશાલીની પાર્ટીઓના આયોજન હોય - આમ ક્યાંક વાચન - અભ્યાસ કે ભણવાની વાત તો થાય જ નહીં વિષય નીકળે તો પણ કોઇ શિક્ષક કે પ્રોફેસરની 'ખીલી' ઉડાવવાનો જ હોય!**

**જેને વિદ્યા-અભ્યાસ કરી ડોક્ટર-ઇજનેર કે કોઇ સારો ટેક્નીકલ અભ્યાસ કરવો હોય એને જિંદગીના પ્રથમ પચ્ચીસ વર્ષ 'તપ' કરવું પડે વાંચન-ચિંતન-મનન સંદર્ભ પુસ્તકો અને નિષ્ણાંતોનું માર્ગદર્શનમાં જ બધો સમય પસાર કરવો પડે 'ઊંઘ' ને બહુ પંપાળવા જેવી નથી વૈજ્ઞાનિક નિશ્ચિત સમયની ઊંઘ લઇ પથારીને 'લાત' મારી જ દેવી પડે - સતત વાચન એ જ ધ્યેય હોવું જોઇએ. જેને વિદ્યા પ્રાપ્ત કરી પછીની અવસ્થામાં 'સુખ' મેળવવું હોય એણે પ્રથમ સુખનો ત્યાગ કરવો જ પડે.**

## સુવિચાર

- **ગમે તેવો મોટો વૈજ્ઞાનિક કે સર્જક હોય તેનું આસ્તિક હોવું જરૂરી છે, આસ્થા વિના કશું સંભવ નથી-નાનામાં નાના વિચાર કે કાર્ય માટે આસ્થા રાખવી - સંત ફ્રાંન્સીસ**
- **વૃક્ષના ઉછેર અને વિકાસ માટે તેના મૂળમાં પાણી અને ખાતર નાખવાં પડે-પાંદડે ન નખાય, સંસ્કાર અને મૂલ્યોના વિકાસમાં આ બાબત પાયામાં છે - ભીખુદાન ગઢવી**
- **માણસ યુદ્ધ માટે જન્મ્યો જ નથી નહિંતર તેને મગર જેવાં દાંત, વાઘ જેવા નખ-પંજા અને સાપ જેવું ઝેર કુદરતે ન આપ્યું હોત? - મનુભાઇ પંચોલી**
- **વંદનાનું વૃંદાવનમાં રૂપાંતર કરવું એ જ જીવનની કળા છે - સુદર્શન**
- **પૂર્ણતાને કદીય પૂર્ણવિરામ હોતું નથી એ તો સતત ચાલતી પ્રક્રિયા છે - જોન્સન સ્પેન**
- **રજકણ હંમેશા પવનની મોહતાજ હોય છે- ક્યા જવું, ક્યારે જવું એના હાથની વાત જ નથી હોતી - સચ્ચિદાનંદ**
- **માણસ પોતાનું એકાન્ત સુરક્ષિત રીતે જાળવી શકે અને જેવી બીજી એકેય કળા નથી - એસ. ભટ્ટાચાર્ય**

## બોધ કથા

**જેમ ક્રૌંચ વધ જોઇને કવિતા જન્મી, એમ વિશ્વના કેટલાય મહાન સર્જકોની રચના પાછળ ઇશ્વરી પ્રેરણા અને સંકેત હોય છે. તુલસીદાસજીએ રામચરિત માનસ-ધ્યાનમાં જ લખ્યું. સર્જન પાછળ દિવ્ય પ્રેરણા હોય છે.**

**એક પ્રોફેસર કોલેજમાં મહાન કવિ ટી.એસ.ઇલિયટની કવિતા ભણાવતા હતા. દરેક વખતે લેક્ચરમાં જુદા જુદા અર્થ અને સંદર્ભ નિકળતા.**

**પ્રોફેસર કવિ પાસે ગયા અને કવિ ઇલિયટ ને કહ્યું - આપની કવિતા જ્યારે અને જેટલી વખત વિદ્યાર્થીઓને ભણાવું છું ત્યારે ત્યારે જુદા જુદા અર્થોનું નિરૂપણ આપોઆપ થઇ જાય છે - આપ મને એ કાવ્ય આપની દૃષ્ટિ અને અર્થના સંદર્ભમાં સમજાવો જેથી હું વિદ્યાર્થીઓને ન્યાય આપી શકું.**

**કવિ ઇલિયટે કહ્યું, આ કવિતાની રચના જ્યારે થઇ ત્યારે મને પણ ખૂબ ભીતરી આનંદની અનુભૂતિ થઇ હતી. હું રસથી તરબતર થઇ ગયો હતો. કોઇ અદૃશ્ય શક્તિએ જ આ કાવ્ય લખવાની મને પ્રેરણા આપી હતી. મને પણ આનો ખરો અર્થ સમાજતો નથી.**

E-mail : sureshchandrabhatt18@gmail.com

# બીજા પણ મારા જેવા જ છે, બીજાને પણ મારા જેવી જ લાગણી થાય, મારા જેવી જ પીડા થાય અને એમને મદદરૂપ થાઉં તો મારા જેવો જ આનંદ પણ થાય એવા વિચારમાંથી જ માણસાઈ જન્મે છે અને એમાંથી જ જન્મે છે સાચો ધર્મ-માનવ ધર્મ

## માણસ, માણસાઇ અને ધર્મ

- સંકલન : મિતેશ મોદી

બીજા પણ મારા જેવા જ છે, બીજાને પણ મારા જેવી જ લાગણી થાય, મારા જેવી જ પીડા થાય અને એમને મદદરૂપ થાઉં તો મારા જેવો જ આનંદ પણ થાય એવા વિચારમાંથી જ માણસાઈ જન્મે છે અને એમાંથી જ જન્મે છે સાચો ધર્મ- માનવ ધર્મ.

ઘણા સમય પહેલાંની એક વાત છે. વાઢકાપ કરનાર સર્જન લગભગ રોજ ઓપરેશન કરે છે, એના માટે એ કામ એના ધંધાનું કામ છે. યંત્રવત એ થયા કરે છે. દર્દીને ઓપરેશન થિયેટરમાં ટેબલ પર લેવામાં આવે છે. ડોક્ટર ઓપરેશન માટે તૈયાર છે. દર્દી ડોક્ટર સામે નજર કરે છે. એની આંખોમાં કોઈક અજ્ઞાત ભય વ્યાપી જાય છે. ડોક્ટર સામે તે તાકી રહે છે. ક્યારેક હાથ લંબાવી ડોક્ટરના હાથને સ્પર્શ કરવા પ્રયત્ન કરે છે. ડોક્ટરની આંખોમાં તે આશ્વાસન, પ્રેમ, સહાનુભૂતિ શોધે છે.

પરંતુ ડોક્ટર માટે તો એ એક રોજિંદુ કામ હોય છે. ચર્મકાર જોડાં સીવે છે. દરજી કપડાં સીવે છે. એ જ રીતે દરરોજ એ ઓપરેશન કરે છે. એ જ રીતે સર્જયન દર્દીના શરીરના નકામા ભાગને કાપે છે. એને ફેંકી દે છે. દર્દીનું શરીર એના માટે કોઈક વસ્તુ,પદાર્થ કે જણસ હોય છે, ઝડપથી, નિર્દોષતાથી પોતાનું કામ એ પતાવી દે છે.

ક્યારેક જીવન-મરણ વચ્ચે ઝોલા ખાતો દર્દી પણ ઓપરેશન ટેબર પર આવે છે. એની આંખોમાં મૃત્યુનો ડર હોય છે. એ વખતે ડોક્ટર સામે તે પોતાના સૌથી નિકટના સ્વજન તરીકે નજર કરે છે. પરંતુ દરરોજ એ રીતની દૃષ્ટિથી જોનાર ડોક્ટર ભાગ્યે જ પોતાનું સ્વજનપણું પોતાની આંખોમાં પ્રગટ કરી શકે છે.

ડોક્ટર પોતાનું કામ ખૂબ જ ચીવટપૂર્વક કરે છે, પણ યંત્રવત કરે છે. ડોક્ટર તરીકેની ફરજ નિષ્ઠાથી બજાવે છે. પરંતુ માણસ તરીકેની ફરજ તેના મનમાં કદાચ ફરકતી જ નથી. પોતે કોઈ માણસના શરીરને માણસ તરીકે પણ સ્પર્શ કરી રહ્યો છે એવી સભાનતા બહુ જ ઓછા ડોક્ટરોને રહે છે. પોતાના કામમાં તે જરાય ક્યાશ રાખતા નથી. પરંતુ ઓપરેશન ટેબલ ઉપર રહેલો માણસ તેની પાસેથી માત્ર નિષ્ણાત ડોક્ટર તરીકેના વર્તનની પણ અપેક્ષા રાખતો હોય છે, એ વાતનો એને ભાગ્યે જ ખ્યાલ આવે છે.

અનેક દર્દીઓનાં ઓપરેશન કરનાર એક સર્જ્યનને પોતાને જ અચાનક પેટમાં પીડા ઊપડી અને તત્કાલ ઓપરેશન કરાવવું પડે એવી સ્થિતિ ઊભી થઈ.

ઓપરેશન ટેબલ પર જ્યારે તેને લેવામાં આવ્યો અને બીજા સર્જ્યનની છરી માટે જ્યારે તેને તૈયાર થવું પડ્યું ત્યારે તેને પોતાના દર્દીઓની પરિસ્થિતિ સમજાઈ.

ઓપરેશન ટેબલ પર રહેલો દર્દી ડોક્ટર સામે કેવી આશાથી અને લાચારીથી જુએ છે કે કેવી ઉત્કટતાથી તે ડોક્ટરની સહાનુભૂતિ ઝંખે છે એનું જ્ઞાન એ પોતે દર્દી થયો ત્યારે જ તેને થયું. આજ સુધી દર્દીઓ સાથે તે એક નિષ્ણાત ડોક્ટર તરીકે જ વર્ત્યો હતો. આજે તેને ડોક્ટરમાં રહેલા માનવી માટેની ઝંખના થઈ આવી.

ઓપરેશન થઈ ગયા પછી સવારે એક ઉંમરલાયક થોડી કરચલીઓવાળા ચહેરાવાળી નર્સ દર્દી તરીકે સૂતેલા ડોક્ટરના કમરામાં આવી. તેણે બારી આડેથી પડદા હટાવ્યા. ચાદર બદલી, નાડી તપાસી, નોંધ કરી. પરંતુ કામ પૂરું કરીને રૂમ બહાર જતાં રહેવાના બદલે સિંક પાસે જઈને કપડું ભીનું કરીને ફરી તે દર્દી પાસે આવી. દર્દીનો ચહેરો તે ભીના કપડાંથી, ધીમેથી લૂછ્યો. સ્પર્શ કરીને પ્રેમથી પૂછ્યું. 'પીડા બહુ થાય છે?'

નિર્લિપ્ત ડોક્ટરની આંખો આંસુથી ભરાઈ ગઈ!

આ સ્પર્શ, આ શબ્દો, આ સહાનુભૂતિ નર્સના કામની જવાબદારીથી કાંઈક વિશેષ હતું. ડોક્ટરને એની જિંદગીમાં પહેલી જ વાર સમજાયું કે હર કોઈ માણસ, બીજા માણસ પાસેથી આવા જ વર્તનની અપેક્ષા રાખતો હોય છે. એ માણસ દર્દી હોય કે કોઈ સામાન્ય માણસ હોય, તમારી પાસે કોઈ કામે આવેલ માણસ હોય કે માત્ર તમને રસ્તો પૂછતો હોય.

માત્ર કોઈક માહિતી પૂછતો હોય, મિત્ર હોય કે અજનબી હોય, એની ઝંખના તમે એને માણસ તરીકે સ્વીકારીને તેની સાથે સહાનુભૂતિ ભર્યું વર્તન કરો એવી જ હોય છે.

ડોક્ટર પાસે જતો દર્દી ખરેખર લાચાર હોય છે, પરંતુ બીજા પ્રસંગોમાં પણ એક માણસને જ્યારે બીજા માણસ ઉપર આધાર રાખવાનો હોય છે ત્યારે તેની પાસેથી માત્ર વાજબી વર્તનની જ નહીં પણ થોડા સ્નેહભર્યા વર્તનની પણ આશા રાખે છે.

પણ, તંદુરસ્ત વ્યક્તિ બિમારની વેદનાને અને ધનવાન ગરીબની ઓશિયાળી સમજી શકતી નથી. યુવાન વ્યક્તિ ક્યારેય વૃદ્ધની ઓશિયાળ સમજી શકતો નથી. માણસ જ્યારે અમુક અનુભવમાંથી પસાર થાય છે ત્યારે જ અમુક સ્થિતિમાં રહેલ વ્યક્તિની હાલતને એ સમજી શકે અને એ પણ જો તે સાચાદિલ અને સંવેદનશીલ હોય તો જ.

કેટલીક વાર સરકારી કર્મચારીઓને પોતાનું કામ કરતી વખતે માણસ સાથે તુમાખીભર્યું વર્તન કરતા જોઈએ છીએ કે પોલીસને બીજાને દબડાવતાં જોઈએ છીએ ત્યારે તો એવું લાગે છે કે એ માણસો બીજાને પોતાના જેવા માણસો જ ગમતા નથી. પોતાની તુમાખીથી બીજાને દુઃખ પહોંચતું હશે એવો ખ્યાલ પણ તેમને આવવા છતાં એમાંથી શીથીને પોતાનું વર્તન બહુ ઓછા માણસો સુધારે છે. બીજા કેટલાંક તો જ્યારે હડધૂત થાય છે. અપમાનો સહન કરે છે. જુલ્મોનો ભોગ બને છે ત્યારે એ બધું મનમાં સંઘરી રાખીને, જ્યારે તક મળે ત્યારે પોતાના કરતાં નિર્બળ અને અસહાય હોય તેમના ઉપર એવા જ જુલ્મો કરે છે.

માણસ તરીકેની બધી મર્યાદાઓ ભૂલી જાય છે. માણસ મટીને જાનવર બની જાય છે. પરંતુ માણસાઈ વિના ધર્મ સંભવિત નથી. જે માણસ ન હોય તે ધાર્મિક બની શકે નહીં અને માણસ બનવા માટે તેનામાં સહાનુભૂતિ, બીજાનું દુઃખ, બીજાની સ્થિતિ સમજવાની ક્ષમતા હોવી જોઈએ. જેનામાં સહાનુભૂતિ ન હોય તે ધર્મ પામી શકે નહીં.

તુલસીદાસ કહે છે કે, દયા ધર્મ કા મૂલ હૈ. દયાહીન માણસ ધર્મને સમજી શકતો નથી. વાલિયા લૂંટારામાંથી વાલ્મિકી ઋષિ બનનાર વ્યકિતના મનમાં ક્રૌંચવધથી આઘાય જન્મે છે. આઘાતમાંથી સહાનુભૂતિ જન્મે છે અને સહાનુભૂતિમાંથી ધર્મ જન્મે છે. જેસલ જેવા લૂંટારાના મનમાં દયાનું ઝરણું ફૂટે છે અને એની જિંદગીનું વહેણ બદલાઈ જાય છે. માણસ જ્યારે પોતાને બીજા માણસની સ્થિતિમાં મૂકી જુએ છે ત્યારે જ તેનામાં સહાનુભૂતિનો ઉદ્ભવ થાય છે. બીજાનું ખૂન કરનાર કે હુલ્લડમાં બીજાને મારી નાખનાર કે સળગાવી દેનાર માણસો, જે એવી જ સ્થિતિમાં પોતાને મૂકી જુએ. મરનાર પાછળ વિલાપ કરતાં નાના નિઃસહાય બાળકોની જગ્યાએ પોતાના બાળકો હોય તો પોતાને કેવું લાગે એનો વિચાર કરી જુએ તો એનામાં માણસાઈ જાગ્યા વિના ન રહે, અને માણસાઈ માણસને તેનું સાચું કર્તવ્ય અને સાચો ધર્મ ચીંધ્યા વિના ન રહે.

બીજા પણ મારા જેવા જ છે. બીજાને પણ મારા જેવી જ લાગણી થાય. મારા જેવી જ પીડા થાય અને એમને મદદરૂપ થાઉં તો મારા જેવો જ આનંદ પણ થાય એવા વિચારમાંથી જ માણસાઈ જન્મે છે અને એમાંથી જ જન્મે છે સાચો ધર્મ-માનવ ધર્મ.

એટલે જ્યારે પણ આપણે કોઈ માણસ સાથે વર્તવાની વેળા આવે, જ્યારે કોઈ વ્યક્તિ આપણા કરતાં ખરાબ સ્થિતિમાં હોય, આપણી સહાનુભૂતિ ઝંખતી હોય. આપણી કોઈ નાની-મોટી મદદની અપેક્ષા રાખતી હોય. ત્યારે એની સ્થિતિમાં આપણી જાતને થોડીવાર કલ્પીને પછી જ તેની સાથે વર્તીએ તો આપણા હૃદયમાં એના તરફ સહાનુભૂતિ પ્રગટ થશે જે આપણને ઉમદા માનવી બનાવશે અને આપણે તેના તરફ એક સહૃદયી માનવી તરીકે વર્તીશું.

એક અંગ્રેજી વાક્ય છે, Kindness in language which the deaf can hear and blind can see. ભલાઈ એક એવી ભાષા છે જે બહેરા સાંભળી શકે છે અને અંધ પણ એ (ભલાઈ) જોઈ શકે છે.

# પ્રકૃતિ અને પુરૂષના સંયોજનથી જ આ સૃષ્ટિ ઊભી છે... વ્યક્તિનો મુડ, એના મિજાજ તેની સંવેદનશીલતા, કલ્પના, આ બધું પ્રકૃતિની રૂદ્રતા, રમ્યતા ભવ્યતા અને સૌમ્યતા પ્રમાણે આધાર રાખે છે

## વિચાર યાત્રા

- જય ઓઝા

## અકરાળ વિકરાળ ઉઘાડો નાગડો ઉનાળો

મધ્યાહન -
જુએ છે બધાં
બેબાકળાં થઇ
ધૂળ ખાધેલા વૃક્ષ
અહીં ત્યાં સરી પડેલા પડછાયા
શરીર પર ઓઢીને -
જૂની ઇમારતોની ઉજ્જડ મેડી
થરથરતા વૃદ્ધ હાથ
છાતી પર દાબીને -
દૂર દૂરના ડુંગરની પાછળ લપાયેલી
પવનની સહસ્ર લહેરો
સસલાંની જેમ ડોકાઇને -
આકાશમાં ઠેક-ઠેકાણે લટકતાં
રાખોડી મેઘના ટુકડા
પોતાની ઉદાસ નિર્જીવ આંખો
ફાંડી ને-
જુએ છે બધા બેબાકળા થઇ
કાળા - પીળા અફાટ મેદાનમાં
હાથ પગ પસારીને પડેલો
અકરાળ વિકરાળ
ઉઘાડો નાગડો ઉનાળો

**- કુસુમાગ્રજ**

કાવ્યો ફક્ત વસંત અને વર્ષા કે શરદ ઋતુના જ મહોતાજ નથી એવી આ કાવ્ય વાંચીને ખબર પડી... જે રીતે ગ્રીષ્મ ઋતુનું સામ્રાજય આપણા પર હાવિ થવા લાગ્યું છે તે રીતે અત્યારે આ 'અકરાળ વિકરાળ ઉઘાડો નાગડો ઉનાળો' પંક્તિ યથાર્થ ઠરે છે. પ્રકૃતિ અને પુરૂષના સંયોજનથી જ આ સૃષ્ટિ ઊભી છે... વ્યક્તિનો મુડ, એના મિજાજ તેની સંવેદનશીલતા, કલ્પના, આ બધું પ્રકૃતિની રૂદ્રતા, રમ્યતા ભવ્યતા અને સૌમ્યતા પ્રમાણે આધાર રાખે છે.

તાપ માણસને આકળા બનાવી મૂકે છે. નિષ્ક્રીય બનાવી મૂકે. આમ તો આપણે સગવડોને કારણે કોઇ પણ મોસમને મોસવટો આપી શકીએ તેમ છીએ... છતાં પણ પ્રકૃતિ દેવીના આ પ્રકોપને પહોંચવા આપણે હજી પણ સક્ષમ નથી બન્યા.

વૃક્ષો પર ધૂળના થર જામ્યા છે...એકાદ પવનની લહેરખી આવે તો થોડીક ધૂળ ઊડે પણ ખરી, પણ અહીં તો વૃક્ષ પર ધૂળ જાણએ પલાંઠી વાળીને બેસી ગઇ છે. સુસ્ત બપોરે રસ્તા સૂમસામ પડ્યા છે.

ખાટલે પડેલા વૃદ્ધની ખાંસીની જેમ ચોટકણી બળબળતી બપોર કેમેય કરીને જતી જ નથી... ગોકળ ગાયની ગતિએ ચાલતી બપોરની ત્રાહિમાન પોકારી ઉઠાય છે. આકાશ નિરભ્ર છે... નાનકડી સરખી વાદલડી પણ દેખાતી નથી કે જરાક સૂર્યની આડશે આવે તો બે ઘડી નિરાંત વળે.. ફાટી આંખે આકાશ આપણે તાડૂક્યો હોય તેમ શબની ખૂલ્લી ફાટેલી આંખે ડારવ્યા કરે છે.

કાળા ડામરના રસ્તાઓ પર અફાટ હાથ-પગ ફેલાવીને ઉઘાડો નાગડો ઉનાળો પડ્યો છે. મૃગજળ સમા પાણીના ખાબોચીયા સપાટ ડામરના રસ્તાઓ પર દેખાય છે તે પાણીના ભ્રમમાં લોકો ટળવળતા રહે છે... કાકા - કાલેલકર જેવા વીરલા જ 'મધ્યાહનની બપોર' જેવા નિબંધમાં બપોરની ભવ્યતા વર્ણવી શકે... શ્રી કાલેલકર લખે છે કે - "ઘોમઘખતા" બપોરે નાના બાળકને કશીક વસ્તુ લેવા મોકલે છે ત્યારે ઉતાવળમાં ભૂલથી તે ચપ્પલ પહેર્યા વગર બહાર નીકળી જાય છે... અને બળબળતા બપોરે જે હાલત થાય છે, તે વર્ણન અદ્‌ભૂત છે.

લેખક આગળ લખે છે કે, છેવટે દોડતા દોડતાં ક્યાંક છાયો નથી મળતો ત્યારે નાનો બાળક કે જે ખુદ લેખક છે, તેઓ ગાયના તાજા પોદળામાં બંને પગ મુકીને પગનાં તળિયાંને શાતા આપે છે. ગાયના તાજા પોદળાનો આવો અદ્‌ભૂત સાહિત્યિક ઉપયોગ બીજા કોઇએ કર્યો હોય તેવું યાદ આવતું નથી...

ચોમાસામાં ભીંજાયેલા મનવાળા અને ભીની માટીની સુગંધ જેવા હૃદયવાળા માનવીઓનો ભેટો થાય છે, શિયાળામાં ફુલગુલાબી ઠંડકવાળા રસિક વ્યક્તિનો લાભ મળે છે... પરંતુ ઉનાળામાં વ્યગ્ર, આગ ઓકતા વ્યથિત મનોભાવવાળા ગ્રીષ્માળુ માણસો ભટકાય છે... સ્નેહાળુ વ્યક્તિઓ નહીં ઉનાળું વ્યક્તિઓ ડોકાય છે... બપોરે ૧૧ થી ૪ વાગ્યા સુધી તો જાણે સ્વયંભ કરફ્યુ હોય તેમ શહેરની સડકો ગરમીની ચાદર ઓઢેલી એકલી અટૂલૂ ભાસે છે.

ભલે આપણે જાણતા હોઇએ કે પ્રકૃતિની જે રીત છે તે પ્રમાણે ગરમી સ-પ્રમાણ પડે તે જરૂરી છે, તો જ વરસાદ પણ સરખા પ્રમાણમાં પડશે... આવું વ્યવહારૂં જ્ઞાન જાણતા હોવા છતાં પણ ઉનાળાની બપોર અસહ્ય થઇ પડે છે...

હા! આ ઉનાળાની ગરમીમાં ટાઢક આપતી કોઇ વાત હોય તો એ છે ફળોનો રાજા કેરી. કેસર, હાફૂસ, લંગડો, રત્નાગીરી, પાયરી, બદામ. આ બધી કેરીઓ અને તેનો રસ. આઇસ્ક્રીમ રાત્રે ૧૦-૪ સર્કલ પાસે લોનમાં બેઠા બેઠા ઠંડક મેળવવાની જેમ જા આ ઋતુમાં આવે છે તેવી બીજી એકેય ઋતુમાં આવતી નથી... અદ્‌ભૂત આનંદ મળે છે...

ઉનાળો અસહ્ય થઇ પડ્યો છે, તે આપણી જ ઉપજ છે... ગ્લોબલ વોર્મિંગ અને પ્રદૂષણને કારણે જ ગરમીનો પારો ૪૫ ડિગ્રી ઉપર સહેલાઇથી પહોંચી જાય છે... નિરંજન ભગતનું એક કાવ્ય પણ આ ગરમ બપોરને અર્પણ કરીએ...

તગતગતો આ તડકો
ચારેકોર જુઓને કેવી ચગદઇ ગઇ છે સડકો!
કહો, ચરણ ક્યાં ચાલે? એણે એક ન રાખ્યો રસ્તો
ઘણું હલાવા હવા મથે પણ તસુય તે ના ખસતો
અહીં ધરતી પર નક્કર જાણે ધાતુ શો તસતસતો,
સાવ અડીખમ પડ્યો, કશેયે જરી તો અડકો!
જીદ્દી જનનું મન પણ જેની પાસે લાગે હળવું
વૈદેહીના ધનુષ્યને પણ રામ કને તો અવળુ
ગિરિ ગોવર્ધનનેયે ટચલી આંગળી પર ઢળવું,
પણ આને ઓગળા દેવા કોણ મેલશે ભળકો.

# અખંડ સ્વાધ્યાયી, વિદ્યાર્થી વત્સલ, ખંતીલા 'જ્ઞાનતુલા' અભિયાનના પ્રણેતા ગિજુભાઇ ભરાડ

## મોંઘેરા મોતી

- નટવર આહલપરા

**જૂનાગઢ એટલે ગઢ જૂનો ગિરનાર. આ પ્રદેશના પાજોદ ગામમાં તા. ૨૦-૦૮-૧૯૪૦ના રોજ ગિજુભાઇ ભરાડનો જન્મ થયો. રાજકોટ જિલ્લાના હડમતિયા ગોલિકા જેમનું વતન છે. એવા આ શિક્ષણવિદના માતા હીરાબેન અને પિતા કાનજીભાઇ. ગિજુભાઇએ ફિઝિક્સ અને મેથ્સ વિષયો સાથે એમ.એમ.સી.નો અભ્યાસ કર્યો છે.**

**૧૯૬૧માં ભાવનગર જિલ્લાના ગઢડા સ્વામીના ગામેથી ગિજુભાઇએ શ્રીમતી ચંપાબહેન સાથે સંસારના શ્રી ગણેશ કર્યા. સંચાબહેન બી.એ. સુધી ભણ્યા છે. ત્રણ સંતાનોમાં પ્રતિક્ષા, જતીન અને હીના છે.**

**ગિજુભાઇ સ્પષ્ટ પણે માને છે, કે કોમ્પ્યુટરર યુગ ઉત્તમ યુગ છે. વિશ્વ કક્ષાના તમામ વિકાસ સંદર્ભોમાં તેજ ગતિ આવી ગઇ છે. સમય નથી નો ડોળ કરનાર લોકો વાંચનનો સમય બચાવી શકતા નથી. પરંતુ ગિજુભાઇ વાંચન માટે ચોક્કસ સમય કાઢે છે. ટીવી. સિરિયલ જોવા કરતાં તેઓ 'ડિસ્કવરી ચેનલ' જોવાનું વધુ ગમ છે. બાધા, આખડી., માનતા કે આસ્થામાં ન માનારા તેઓ કોઇ ચોક્કસ વ્રતના અનુસંધો નહીં પણ આરોગ્ય માટે કોઇક વખત ઉપવાસ કરે છે.**

**પાઠ-પૂજા કે ધાર્મિક વિધિ સામે તેમનો પ્રત્યુત્તર ખૂબ જ પ્રેરક છે. બાળકો, તરૂણો, કિશોરો અને યુવાનોના વિકાસ માટે સતત વ્યસ્તતા એ જ પાઠ-પૂજા તથા ધાર્મિક વિધિ.**

**ભારતમાં બધાં જ તીર્થાટનો ઉપરાંત વિદેશોમાં પણ પ્રવાસો તથા પર્યટનો કરી ચૂકેલા ગિજુભાઇ લગભગ ચાલીસ સંસ્થાઓ સાથે સીધા જોડાણથી અને સૌથી વધારે સંસ્થાઓ સાથે આડકતરી રીતે તેઓ જોડાયેલા છે. તેઓને તેમની સાથે કોઇ યાદગાર અકસ્માત થયો હોય તેવો ખ્યાલ નથી. કુદરતની તાકાત પર પુરો વિશ્વાસ ધરાવતા ગિજુભાઇ એ અંધશ્રદ્ધા, ચમત્કારો તથા સામાજિક કુરૂઢિના ખંડન માટે અનેક કાર્યક્રમો આપ્યા છે અને લેખન કર્યું છે ત્યાં વર્કશોપ - સેમીનારો પણ યોજયા છે. જાહેર કે ગુપ્તદાનની કોઇ વિગત તેઓ ક્યારેય જણાવતા નથી. અલબત્ત વિદ્યાર્થીઓનાં અભ્યાસ અર્થે સતત જાગૃતિ એ જ જીવન છે. તેમ તેઓનું માનવું છે. હકારાત્મક જીવન, સતત કાર્યશીલ રહેવું, અન્યને ઉપયોગી બનવું એટલે કે, પડેલાને ઊભા કરવા અને ઉભેલાને ગતિમાં લાવવા, ગતિમાં રહેલાને સાચી દિશા બતાવવી. એ એમનો જીવનમંત્ર છે.**

**જીવન સ્વપ્નની ફલશ્રૂતિ એ છે કે, જે કંઇ સારૂં કે નરસું કાર્ય કરીએ છીએ તેનું ફળ અમુક તેના જેવું મળે છે. એવો મત ગિજુભાઇ ધરાવે છે.**

**ગણિત-વિજ્ઞાનના ભેખધારી ગુરૂજનોમાં શિરમોર એવા અનેક અજાણ્યાના આંસૂ લૂછવાનો રૂમાલ હાથમાં રાખનારા સમગ્ર સૌરાષ્ટ્રના વિદ્યાર્થીઓને મેડિકલ એન્જીનીયરિંગમાં મોકલવામાં અગ્રદૂત અને વિદ્યાર્થીઓ માટે અમાસની રાતના શુક્રતારક જેવા એકલવાયા પથદર્શક શ્રી ગિજુભાઇ ભરાડ સાહેબ છે.**

**પોતાના વિદ્યાર્થીઓએ મેળવેલી બહુગામી સફળતાઓને કારણે ખરા ચશનાં ગૌરવવંતા અધિકારી વિદ્યાવિદ્ તરીકે પ્રતિષ્ઠિત છે અને તેમાં સૌરાષ્ટ્ર - ગુજરાત આંખનાં સૂજ્ઞજનોની એકમતે સર્વ સંમતિ છે.**

**નિવાસી શાળા - કોલેજનું ઉચ્ચસ્તરીય શિક્ષણ આપનારી શ્રી ભરાડ વિશ્વ વિદ્યાપીઠ તેમનું એકલે હાથે પાર પાડેલું સાકાર સ્વપ્ન છે. જ્યાં તેઓ અહર્નિશ સરસ્વતીનો સમર્પણ યજ્ઞ ચલાવે છે. આ વિદ્યાપીઠ રાજકોટ નજીકના ગ્રંબા ખાતેના કેમ્પસમાં "જૂન-૨૦૦૯"થી બે નવી કોલેજો બી.એડ્ અને એન્જિનીયરીંગ કોલેજ શરૂ થઇ છે. તેમની પાસે ટોચના નિષ્ણાંત વિષય શિક્ષકોની દૃષ્ટિ સંપન્ન ટીમ છે.**

**ભરાડ વિદ્યા મંદિર તથા ભરાડ વિશ્વ વિદ્યાપીઠનાં ચુનિટો તેમનાં યુવાન શિક્ષણવિદ્ પુત્ર જતીનભાઇ ભરાડ સંભાળે છે.**

**અર્ધજાગ્રત મનની શક્તિઓ, મેમરી, કારકિર્દી માર્ગદર્શન જેવા વિષયોમાં તેઓ આદ્ય પ્રવર્તક છે અને રસનિષ્ઠ ઉત્તમ વક્તા છે. તેમના પરિસંવાદો, શિબિરોમાં જોડાવું તે જીવન પરિવર્તન દ્વારા સફળતાને આહ્વાન આપવા સમાન છે.**

**સૌરાષ્ટ્રના અદ્યાપિ બે લાખ વિદ્યાર્થીઓને મેડિકલ - એન્જીનીયરીંગમાં તેમજ અન્ય સ્પર્ધાસ્તક શિક્ષણમાં જવા માટેનું પ્રેરણા બળ આપ્યું. તેમાનાં એક લાખ વિદ્યાર્થીઓને વિના મૂલ્યે શિક્ષણ આપ્યું છે. આટલી મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ મેડિકલ - એન્જીનિયરિંગમાં મોકલનારા તેમજ દસ લાખથી વધારે વિદ્યાર્થીઓને કાઉન્સેલીંગ તથા માર્ગદર્શન આપનાર તેઓ એક માત્ર શિક્ષક - અધ્યાપક છે. તેમનાં વિદ્યાર્થી હોવું એ એક ગૌરવ છે.**

**તેઓ સ્વભાવે અખંડ સ્વાધ્યાયી, ખંતીલા, એકલવીર, પરિશ્રમી અને વિદ્યાર્થી વત્સલ છે. તેમની શૈક્ષણિક પ્રવૃત્તિને ઇ.સ. ૧૯૬૧ થી શરૂ કરી ઇ.સ. ૨૦૧૩ માં ૫૪ વર્ષ પૂરાં થશે. શૈક્ષણિક સેવાઓનું લગભગ પૂરૂં થવા આવેલું આ અર્ધશતક આધુનિક સૌરાષ્ટ્રના શિક્ષણના ઇતિહાસનું એક સોનેરી પ્રકરણ છે.**

**તેમનો મો. નં. ૯૮૨૫૦૭૬૭૬૫ છે.**